# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

G20 भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૩/૬૫૩૫ તા.૧૮/૦૯/૨૦૨૩

**પરિપત્ર-૩૧૭૨**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં બી.એ., બી.કોમ. તથા બી.એસસી. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં ઉપરોક્ત અભ્યાસક્રમોમાં સેમેસ્ટર-3 માં અભ્યાસ કરતા રેગ્યુલર અને રીપીટર વિદ્યાર્થીઓની રેગ્યુલર તથા પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

| Sr. | Examination | Semester | Fees | | | | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fees | Practical Fees | Form Fees | Total Fees | |
| 1. | B. A | 3 | 240 | 55 | 25 | 320 | 14/10/2023 |
| 2. | B.Com. | 3 | 240 | 0 | 25 | 265 | 14/10/2023 |
| 3. | B.SC. | 3 | 240 | 165 | 25 | 430 | 14/10/2023 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ ABC ID એન્ટર કરી પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) **<u>સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે.</u>** (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)

(૩) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ લઈ તમામ વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૪) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૫) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૬) આચાર્યશ્રી/કો-ઓર્ડીનેટરશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૨૩/૧૦/૨૦૨૩ સુધીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી)

| રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|
| રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/- તા.૧૬/૧૦/૨૦૨૩ | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૧૭/૧૦/૨૦૨૩ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૧૮/૧૦/૨૦૨૩ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૧૯/૧૦/૨૦૨૩ |

(૭) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ અને ફી મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રોના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૮)કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

- ABC ID વિના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે નહી.
- કોલેજે પોતાના યુઝર આઈ.ડી. પાસવર્ડ દ્વારા પ્રિ-એક્ઝામિનેશન મોડ્યુઅલમાં એક્ઝામિનેશન ફોર્મમાં જઈ એક-એક વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે. એક્ઝામિનેશન ફોર્મ બલ્કમાં સેવ થઈ શકશે નહી.
- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.

**Shri Govind Guru University**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

વસુધૈવ કુટુમ્બકમ
ONE EARTH · ONE FAMILY · ONE FUTURE

તા.૨૫/૦૭/૨૦૨૩

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૩/७७33

પરિપત્ર- ૩૧૨૭

વિષય : એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (ABC) માં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન બાબત.

સંદર્ભ : (૧) સચિવશ્રી, યુ.જી.સી., નવી દિલ્હીનો તા.૨૧/૦૨/૨૦૨૩ નો પત્ર.
(૨) સચિવશ્રી, યુ.જી.સી., નવી દિલ્હીનો તા.૦૨/૦૫/૨૦૨૩ નો પત્ર.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્ર અનુસાર આપની કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર અને ભવનોમાં વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ નવી શિક્ષણ નીતિ-૨૦૨૨ મુજબ એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (ACADEMIC BANK OF CREADIT-ABC) માટે રજીસ્ટ્રેશન અને એકાઉન્ટ બનાવવું આવશ્યક છે. જે ધ્યાને લઈ તમામ વિદ્યાર્થીઓને સત્વરે https://www.abc.gov.in પર જઈ પોતાનું રજીસ્ટ્રેશન કરી એકાઉન્ટ બનાવી લે તેમ જાણ કરવી અને પ્રોત્સાહન આપવું. જે વિદ્યાર્થીઓ પાસે ACADEMIC BANK OF CREADIT ID (ABC ID) નહી હોય તેવા વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહી. તથા જો કોઈ વિદ્યાર્થી ખોટું ABC ID આપશે તો તેનો પ્રવેશ રદ્દ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. વધુમાં આપને પણ આપની કક્ષાએથી વિદ્યાર્થીના ABC ID ની ખરાઈ કરી લેવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

બિડાણઃ
- ઉપર મુજબ

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

Address: Shri Govind Guru University, At.-Vinzol, Po.-Kankanpur, Ta.-Godhra, Dit.-Panchmahals, Gujarat-388713
Website: www.sggu.ac.in